# નિયમ સંગ્રહ – ૧૫

## *માહિતી મેળવવા માટે નાગરીકોને ઉપલબ્ધ સવલતોની વિગતો*

માહિતી મેળવવા માટે નાગરીકોને ઉપલબ્ધ સવલતોની વિગતો

**૧. નાગરિક સુવિધા કેન્દ્રઃ**

નાગરિક અધિકારપત્ર અમલીકરણ માટે અને માહિતી મેળવવા માટે નાગરિક સુવિધા કેન્દ્ર દરેક જાહેર માહિતી અધિકારીની કચેરીમાં સ્થાપનામાં આવેલ છે.

**૨. વન ચેતના કેન્દ્રઃ**

વન, વન્યપ્રાણી અને પર્યાવરણની જાળવણી માટે લોક જાગૃતિ કેળવવા તથા જરૂરી શિક્ષણ આપવા સારૂ વન ચેતના કેન્દ્ર હોય છે.

**૩. પ્રદર્શન સહ સંશોધન કેન્દ્રઃ**

વન વિકાસ અન્વયે વિવિધ સંશોધન કાર્યક્રમો અમલમાં મુકેલ છે જે બાબતે મળેલ પરિણામોની જાણકારી મેળવી શકાય છે.

**૪. અભિરૂચી કેન્દ્રઃ (ઇન્ટરપ્રિટેશન સેન્ટર)**

વન્યપ્રાણી અંગેની જાણકારી તેમજ અનુભવઓની આપ લે અને ક્ષેત્રમાં અમલમાં મુકી શકાય તેવા વિચાર વિમર્શ-અનુભવનું આદાન પ્રદાન કરી શકાય છે.

**૫. વેબ સાઇટઃ**

https://forests.gujarat.gov.in

**૬. પ્રકાશન અને સંપર્ક વિભાગઃ**

વન વિભાગને લગતી વિવિધ પ્રકારની જાણકારીઓ તથા માહિતીઓ ઉપલબ્ધ છે.

**૭. પ્રકૃતિ શિક્ષણ શિબિરઃ**

વનો તથા વન્યજીવો વિશેની ઉંડાણમાં માહિતી તથા પ્રત્યક્ષ અનુભવો અને અવલોકનો શાળાના વિદ્યાર્થીઓ પાસે કરાવવામાં આવે છે.

**૮. કિસાન શિબિરઃ**

સામાજીક વનીકરણ વિભાગે ગ્રામ સ્તરે ખેડુતોને વૃક્ષોની ખેતી દ્વારા વધુ આવક મળે તે વિષયક સંલગ્ન જ્ઞાન તથા જાણકારીની વૃદ્ધિ થાય તેવા કાર્યક્રમો આપવા માટે શિબિર યોજવામાં આવે છે.

**૯. તાલીમ કાર્યક્રમઃ**

વિભાગીય કક્ષાએ તથા ગાંધીનગર ખાતે વન વિષયક વિવિધ તાલીમ કાર્યક્રમ યોજવામાં આવે છે.

**૧૦. તાલીમ પ્રભાગ હેઠળના મહા વિદ્યાલયો, વિદ્યાલયો અને અન્ય સંસ્થાઓઃ**

રાજપીપળા, કાકરાપાર અને ગાંધીનગર ખાતે વન વિભાગની વિવિધ તાલીમ સંસ્થાઓ આવેલ છે.

**૧૧. પ્રસાર સાહિત્યઃ**

વન ખાતા દ્વારા વિવિધ વિષયોને આવરી લેતું વન વિભાગ માટેનું જરૂરી સાહિત્ય પ્રકાશિત કરવામાં આવે છે.

**૧૨. વિવિધ દિવસોની પ્રસંગોની ઉજવણીઃ**

વન વિભાગ દ્વારા વિવિધ દિવસોની પ્રસંગોની ઉજવણી કરવામાં આવે છે.

**૧૩. પ્રકૃતિ અંકઃ**

પ્રકાશન અને સંપર્ક વિભાગ દ્વારા ત્રિમાસિક પ્રકાશન કરવામાં આવે છે.

**૧૪. હરિયાળા સોપાનઃ**

દર રવિવારે સાંજે ૬:૩૦ થી ૭:૦૦ વાગ્યા સુધી અમદાવાદ દુરદર્શન પર વન વિભાગ દ્વારા પ્રસારિત કરવામાં આવે છે.

**૧૫. અન્ય કોઇ પ્રચાર/ પ્રસાર/ જાણકારી અંગેની માહિતીઓઃ**

વખતો વખત સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા જાણકારી આપવામાં આવે છે.